eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 130
February 15, 2008

## National Award for e-Governance to City Civic Centres of Surat Municipal Corporation



City Civic Centre of Surat Municipal Corporation won National Award for e-Governance (Bronze) for Outstanding Performance in Citizen-Centric Service Delivery. National Awards for e-Governance, 2007-08 were presented to the winners by Shri A. Raja, Union Minister of Communication & Information Technology during the 11th National Conference on e-Governance organized at Panchkula, Haryana on February 7-8, 2008. The awards are jointly given by the Department of Administrative Reforms & public Grievances, Ministry of Personnel, Public Grievances & Pensions and Department of Information Technology, Ministry of Communications & Information Technology, Government of India.

વધુ માટે કલીક કરો >>>>>>

## વેરા વસુલાતની લિંબાયત ઝોનની કામગીરી

લિંબાયત ઝોને છેલ્લા બે દિવસમાં ૪(ચાર)મિલકતોને સીલ મારી હતી. તથા ૧૦ ઝુંપડાવાસીઓના નળ જોડાણ કાપી નાંખવામાં આવ્યા હતા. આંજણા ભાઠેના, વિસ્તારના રણછોડનગર, પંચશીલનગરની કુલ ૪(ચાર) મિલકતોને સીલ કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મતદાતાઅ માટે શરૂ કરવામાં આવેલ હેલ્પ લાઈન

સુરત મહાનગરપાલિકમાં નવા ઉમેરાયેલ વિસ્તારના ઈલેકશન વોર્ડ નં.૩૫ થી ૩૮ ની સામાન્ય ચૂંટણી–૨૦૦૮ તા.૧૭–૦૨–૨૦૦૮ ના રોજ યોજાનાર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની સિમાડા ગામખાતે  ડીમોલીશનની કામગીરી

સદર કામગીરી પૂર્વઝોન(વરાછા)ના કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખ હેઠળ દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા જે.સી.બી.મશીન–૧ તથા મઝદા ગાડી–૩ ધ્વારા કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયતમા સાકારિત ૬ (છ) આંગણવાડી/યુ.સી.ડી.કેન્દ્રની ઉદઘાટનવિધિ તા.૦૮–૦૨–૨૦૦૮નાં રોજ સંપન્ન

સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયતમા સાકારિત ૬ (છ) આંગણવાડી/યુ.સી.ડી.કેન્દ્રની ઉદઘાટનવિધિ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે તા.૦૮–૦૨–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૩–૦૨–૦૮ થી તા.૧૦–૦૨–૦૮ દરમ્યાન યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ




સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૩–૦૨–૨૦૦૮ થી તા.૧૦–૦૨–૨૦૦૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮" છઠ્ઠો પુષ્પ પ્રસ્તક મેળો "સુમન ૨૦૦૮" અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮" નું આયોજન કરવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

# National Award for e-Governance to City Civic Centres of Surat Municipal Corporation

City Civic Centre of Surat Municipal Corporation won National Award for e-Governance (Bronze) for Outstanding Performance in Citizen-Centric Service Delivery. National Awards for e-Governance, 2007-08 were presented to the winners by Shri A. Raja, Union Minister of Communication & Information Technology during the 11th National Conference on e-Governance organized at Panchkula, Haryana on February 7-8, 2008. The awards are jointly given by the Department of Administrative Reforms & public Grievances, Ministry of Personnel, Public Grievances & Pensions and Department of Information Technology, Ministry of Communications & Information Technology, Government of India.





Government of India

National Award for e-Governance, 2007-08

Presented to

City Civic Centre, Information Systems Department,
Surat Municipal Corporation, Gujarat

For

Outstanding Performance in Citizen-Centric Service Delivery
Bronze

(Shri Jainder Singh)
Secretary
Dept. of Information Technology

(Ms. Rajni Razdan)
Secretary
Dept. of Administrative Reforms & PG

National Awards for e-Governance 2007-09 are given for excellent performance in different categories and prior to declaring winners, nominations were invited from Central Ministries/Departments, States/UTs, Local Bodies, Civil Society organizations and Industry.

In the category of Outstanding Performance in Citizen-Centric Service Delivery Internet Ticketing Project, IRCTC won the Gold. Nemmadi, Directorate of Electronic Delivery of Citizen Services, Government of Karnataka and e-Filing of Income Tax Return, Directorate of Income Tax (Systems), Government of India won the Silver in the same category.

**TOP**

## વેરા વસુલાતની લિંબાયત ઝોનની કામગીરી

લિંબાયત ઝોને છેલ્લા બે દિવસમાં ૪(ચાર)મિલકતોને સીલ મારી હતી. તથા ૧૦ ઝુંપડાવાસીઓના નળ જોડાણ કાપી નાંખવામાં આવ્યા હતા. આંજણા ભાઠેના, વિસ્તારના રણછોડનગર, પંચશીલનગરની કુલ ૪(ચાર) મિલકતોને સીલ કરવામાં આવી હતી. તથા પંચશીલ નગરના ઝુંપડાં નં.૩ કબ્જેદાર :– ભીમરાવ ડોંગરે, ઝુંપડા નં.૧૪૪ કબ્જેદાર :– શ્યામરાવ સમ્પત ઝુંપડા નં.૧૫૮ કબ્જેદાર :– મોતીરામ હરજી ગામીત ઝુંપડા નં.૧૬૧ કબ્જેદાર :– ઉકેડા કચરૂ ઝુંપડા નં.૧૮૬ કબ્જેદાર :– બાબુ ગંગારામ ઝુંપડા નં.૨૦૨ કબ્જેદાર :– શંકર ચેલાં ઝુંપડાં નં.૨૧૮ કબ્જેદાર :– ઠાકોરભાઈ ગોપાલભાઈ ઝુંપડાં :– ૨૫૮ કબ્જેદાર :– ભીમરાવ ભીમાજી ઝુંપડાં નં.૩૬૬ કબ્જેદાર :– વણકર દગા પાટીલ તથા ઝુંપડાં નં.૩૮૦/૧ શેખ આરિફ શેખ મસીદ મળી કુલ ૧૦ નળ જોડાણો કાપી નાંખવામાં આવ્યા હતા કેટલાક કરદાતાઓએ બાકી વેરાના રૂા. ૫.૯૨ લાખનો વેરો સ્થળ પર ભરપાઈ કર્યો હતો. સીલ મારેલ મિલકતોની હરાજી કરવાની કાર્યવાહી ચાલી રહી છે. લિંબાયત વિસ્તારના મિલકતના તથા ઝુંપડાવાસીઓ/માલિકો વેરો નહીં ભરતા હોય તેની સામે પગલાં ભરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ વિસ્તારોમાં બાકીવેરાની વસુલાત માટે જંગમ મિલકતો જેવી કે ટી.વી.ફ્રીઝ અને ફર્નિચર ટાંચમાં લેવામાં આવશે અને નળ જોડાણો કાપી નંખાશે. જેથી લિંબાયત વિસ્તારનાં મિલકતના દરદાતાઓને બાકી વેરા તાકીદે ભરી દેવા અનુરોધ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મતદાતાઅ માટે શરૂ કરવામાં આવેલ હેલ્પ લાઈન

સુરત મહાનગરપાલિકમાં નવા ઉમેરાયેલ વિસ્તારના ઈલેકશન વોર્ડ નં.૩૫ થી ૩૮ ની સામાન્ય ચૂંટણી–૨૦૦૮ તા.૧૭–૦૨–૨૦૦૮ ના રોજ યોજાનાર છે. આ સંદર્ભે સુરત શહેરના વોર્ડ નં.૩૫ થી ૩૮ માં રહેતા નાગરિકોને તેઓના નામો મતદારયાદીમાં કયા ભાગ તેમજ કયા અનુક્રમ નંબર હેઠળ દાખલ થયેલ છે. તે બાબતની જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની કચેરીના રૂમ નં.૧૧ માં હેલ્પ લાઈનની જરૂરી વ્યવસ્થા તા.૧૧–૦૨–૨૦૦૮ થી કરવામાં આવેલ છે. સદરહુ હેલ્પ લાઈન માટે સુરત મહાનગરપાલિકાનો ટેલીફોન નંબર : ૨૪૨૩૭૫૦ થી ૨૪૨૩૭૫૬ હેઠળના એકક્ષટેન્સન નંબર : ૩૦૬ ફાળવેલ છે. જેથી નાગરિકે પોતાનો વોર્ડ અને પુરેપુરુ નામ જણાવતા તેઓના નામો મતદારયાદીમાં કયા ભાગ તેમજ કયા અનુક્રમ નંબર પર નોંધાયેલ છે તે જાણી શકાશે.

TOP

## વરાછા ઝોનની સિમાડા ગામખાતે  ડીમોલીશનની કામગીરી

ડિમોલીશન – ૧ : સિમાડા ગામમાં આવેલ દિવાળીબાનગર સોસા.માં રોડ માર્જીનમાં ગેરકાયદેસર બાંધવામાં આવેલ દુકાનોના સીમેન્ટના પતરાની છતવાળી રોલીંગ શટર્સ લગાડી બનાવેલ ૯(નવ) દુકાનો અત્રેથી દૂર કરી આશરે ૧ ૬૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ડિમોલીશન – ૨ : સિમાડાગામમાં બ્લોક નં.૮, પાણીની ટાંકી પાસેનાં સુરત મહાનગરપાલિકાની જગ્યામાં આશરે ૨૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરાનું ગોડાઉન બનાવેલ જે અત્રેથી દૂર કરી સદર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ડિમોલીશન – ૩ : સિમાડાગામ બ્લોક નં.૮માં ગોપાળનગર પાસે સુરત મહાનગરપાલિકાની જગ્યામાં આશરે ૨૬૦ ચો. ફુટ માપ વિસ્તારમાં સીમેન્ટના થાંભલા ઉભા કરી શેડ બનાવવાના ઈરાદે ઉભા કરવામાં આવેલ જે થાંભલા તથા ફેન્સીંગ દુરકરી, જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સદર કામગીરી પૂર્વઝોન(વરાછા)ના કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખ હેઠળ દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા જે.સી.બી.મશીન–૧ તથા મઝદા ગાડી–૩ ધ્વારા કરવામાં આવેલ.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયતમા સાકારિત ૬ (છ) આંગણવાડી/યુ.સી.ડી.કેન્દ્રની ઉદઘાટનવિધિ તા.૦૮–૦૨–૨૦૦૮નાં રોજ સંપન્ન



સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયતમા સાકારિત ૬ (છ) આંગણવાડી/યુ.સી.ડી.કેન્દ્રની ઉદઘાટનવિધિ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે તા.૦૮–૦૨–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ડે. કમિશનરશ્રી (સ્પે.) શ્રી પી. જે. ઝાલાએ જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને પાણી, ડ્રેનેજ, રસ્તા, લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ પૂર્ણ કક્ષાએ પૂરી પાડવામાં આવી છે. પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી ઉપરાંત પ્રજાજનોની આરોગ્યપ્રદ સુખાકારી માટે બગીચાઓ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની સુવિધાઓ પૂરી પાડેલ છે. સુરત મહાનગરપાલિકા એક એવી સ્થાનિક સ્વરાજય સંસ્થા છે જે માત્ર ફરજીયાત સેવા પૂરતા સીમિત ન રાખતાં, રાજય સરકારશ્રી તરફથી સને૧૯૬૭ થી ૧૯૮૫ દરમ્યાન ૩ (ત્રણ) યુ. સી. ડી. પ્રોજેકટો શરૂ કરવામાં આવેલ. આ પ્રોજેકટ હેઠળ સને–૨૦૦૮ સુધીમાં શહેરની આર્થિક, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત કહી શકાય તેવા અંદાજે ૩૩૦૦૦ કુટુંબોની લગભગ ૨ લાખની વસ્તિને આવરી લેવામાં આવી છે. વધુમાં ૧૯૯૪ થી અમલમાં આવેલ યુ. બી. એસ. પી. યોજના હેઠળ તેની ગાઈડલાઈન મુજબ શહેરના સ્લમ વિસ્તારો પૈકી ૧૫૦૦૦ કુટુંબોની ૮૧૦૦૦ ની વસ્તિને આવરી લેવામાં આવી છે. સદર યોજના અંતર્ગત સ્લમ વિસ્તારોમાં નાગરિક, ભૌતિક સુવિધાઓનો સદઉપયોગ સામાજીક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિ તેમજ આર્થિક પ્રવૃત્તિ તરફ જાગૃતિ આવે તે માટે લોકભાગીદારીના હેતુથી યુ.સી.ડી.પ્રોજેકટમાં કુલ ૫૧૭ એન.એચ.જી., એન.એચ.સી.–૫૧, એ.ડી.એસ.–૧૩ અને શહેર કક્ષાનું સી.ડી.એસ.–૧ હેઠળ વિવિધલક્ષી રચનાત્મક પ્રવૃત્તિ હાથ ધરી છે. યોજના અંતર્ગત ૧૨૮૦ જેટલી બહેનોને લોન ફાળવી સ્વનિર્ભર બનાવી છે. રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ યોગ્ય વ્યકિતઓને મળી શકે તે માટે સુરત મહાનગરપાલિકા કાર્યરત છે. આજના નવા ૨ (બે) યુ.સી.ડી. કેન્દ્રોનો ઉમેરો થતા કુલ્લે ૨૩ કેન્દ્રોનું ઈન્ફ્રાસ્ટ્રકચર મહાનગરપાલિકા ધ્વારા કાર્યરત થશે. સદર યુ.સી.ડી./આંગણવાડીઓના મકાનોના બાંધકામો અંદાજે રૂા.૭૩ લાખના ખર્ચે ચાર માસના ટુંકા ગાળામાં તમામ પ્રકારની અદ્યતન પ્રાથમિક સુવિધા તથા હોલ વિગેરેની સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. હાલમાં સુરત મહાનગરપાલિકા હસ્તક ૫૧૬ આંગણવાડી કાર્યરત છે.

શાસક પક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતુ કે લિંબાયત ઝોન વિસ્તારમાં વિકાસના કામોથી ક્રમશઃ બદલાતો ચહેરો જોઈ આનંદ અને સંતોષની લાગણી વ્યકત કરી હતી. આ વિસ્તારમાં પુષ્કળ કામોનો અવકાશ રહેલો છે. આ કામગીરીથી આવનારા સમયમાં આ વિસ્તારમા વિકાસની પ્રક્રિયા ને વેગ મળશે. સુરત મહાનગરપાલિકા ફકત પ્રાથમિક સુવિધા જ નહીં પરંતુ તેની સાથે અન્ય આવકારદાયક સુવિધાઓ

જેવી કે શિક્ષણ વગેરે સુવિધા પુરી પાડવા તત્પર છે. અલ્પ વિકસીત વિસ્તારોના પ્રશ્નોના ઉકેલ માટે સુરત મહાનગરપાલિકા કાર્યરત છે.

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા અલ્પવિકસીત વર્ગના ઉત્થાન માટે પ્રયત્નશીલ છે. શિક્ષણ તથા સારા વિચારોના સંવર્ધન માટે આ કામગીરી ખુબ જ જરૂરી છે. સુરત મહાનગરપાલિકા વિવિધ યોજના અંતર્ગત સફળતાની સીડી સર કરી રહી છે. અલ્પશિક્ષિત લોકો આ યોજનાનો લાભ લઈ પોતાનો વિકાસ સાધી શકશે. છેવાડાના માનવીના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિપુલ પ્રમાણમાં ખર્ચ કરી રહી છે. તથા બજેટમાં આ અંગે મહત્તમ ફાળવણીનો અભિગમ રાખવામાં આવેલ છે.

ડે.મેયરશ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈએ પોતાના સંભાષણમાં જણાવ્યું હતું કે વિવિધ આંગણવાડીઓની મુલાકાત ફળદાયી નિવડી છે. આ પ્રકલ્પોથી સુરત મહાનગરપાલિકાએ સામાજીક સેવાની પહેલ કરી છે. શિક્ષણનો વ્યાપ વધારવા આંગણવાડીઓ મદદગાર નિવડશે. હાલના સમયમાં શિક્ષણ જયારે ખર્ચાળ બન્યુ છે ત્યારે સુરત મહાનગરપાલિકા ધ્વારા અર્પણ થયેલ આંગણવાડીઓથી આ વિસ્તારના બાળકોમાં શિક્ષણની અભિરૂચીમાં વધારો થશે. જેના થકી આપણે સંસ્કાર નગરીનુ નિમાર્ણ કરી શકીશું. ઉમ્મીદ યોજનામાં તાલીમ લઈ બહેનો આર્થિક રીતે પગભર થાય તેવા પ્રયત્ન કરવા સુરત મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે. અલ્પવિકસીત વિસ્તારોમાં આવી પ્રવૃત્તિ સરાહનીય છે. સામાજીક–શૈક્ષણિક રીતે વિકસીત સમાજ આજના સમયની માંગ છે.



ઉદઘાટકશ્રી મા. મેયર ડો.કનુભાઈ માવાણીએ પોતાના મનનીય ઉદબોધનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના પ્રયાસથી છેવાડાના લોકોના જીવનધોરણમાં સુધારો થાય યોજનાઓનો લાભ લઈ પગભર થઈ જીવનવ્યવહારમાં પણ સુધારો આવે તેવા પ્રયત્નો સુરત મહાનગરપાલિકા વિવિધ લોકોપયોગી યોજનાઓથી કરે છે. બાળકો, યુવાનો અને નાગરિકો યોજનાનો લાભ લે તે જરૂરી છે. ઉમ્મીદ યોજના તથા યુ.સી.ડી.ની વિવિધ યોજનાઓથી આંગણવાડીઓના સર્જનથી આ વિસ્તારના લોકોને મહત્તમ લાભ મળી શકશે.

સમારંભના અંતે ઉપસ્થિત મચંસ્થ મહાનુભાવો, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ/અધિકારીગણ તેમજ જાહેરજનતોનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ (જે. પી.)એ આભાર માન્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૩–૦૨–૦૮ થી તા.૧૦–૦૨–૦૮ દરમ્યાન યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૩–૦૨–૨૦૦૮ થી તા.૧૦–૦૨–૨૦૦૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮" છઠ્ઠો પુષ્પ પ્રસ્તક મેળો "સુમન ૨૦૦૮" અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮" નું આયોજન કરવામાં આવ્યો હતો. જેના સેમીનારહોલમાં દરરોજ બપોરે ૧૨.૦૦ કલાકે અનુક્રમે દેશભકિત ગીત, પોટ પેઈંટીંગ, જનરલ નોલેજ કવીઝ, ગૃપ ડીસ્કશન,નિબંધ,ચિત્રકામ,વેશભૂષાસ્પર્ધાઓ તેમજ હોર્ટીકલ્ચર અને ફલાવર શો દરમ્યાન રાખવામાં આવેલ કુલોની ૧૪ જેટલી વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી.



આ ઉપરાંત દરરોજ સાંજે ૭.૦૦ કલાકે શાળા/કોલેજના વિધાર્થીઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસ–ગરબા, હાસ્ય કવિ સંમેલન,દેશભકિતગીત પર આધારીત ઓરકેસ્ટ્રા, હાસ્ય હંગામા,કહાળયા–ડાંગી નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં જાહેર જનતાને હાજર રહી સાંસ્કૃતિક કાર્યક્રમો માણ્યા હતા. ઉપરાંત બાગાયત કોલેજ નવસારીના ડાૅ.વી.કે.ધળુક અને ડાૅ.અલકાસીંગનું" ફલાવર એરેન્જમેન્ટ અને બોન્સાઈ–એક કળા,"શ્રી જનક નાયકની બાળવાર્તા જેવા પ્રવચનના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આ તમામ સ્પર્ધાના વિજેતાઓને પુસ્તકમેળાના સેમિનારહોલમાં મા.ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ જયોતિબેન કોઠિયા, ગાર્ડન સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વિણાબેન જોષી, કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.આઝાદ, ગાર્ડન સુપ્રિ. ડાૅ.એસ.જે.ગૌતમ,સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ જરીવાલા, મ્યુ.સભ્યશ્રીઓ,ગ્રંથપાલ શ્રી જે.ડી.સુથાર,ગાંધી સ્મૃતિના મેનેજરશ્રી એસ.આર.ખાન તથા અન્ય અધિકારીશ્રીઓના હસ્તેટ્રોફી તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. સેમીનારહોલમાં યોજાયેલ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તેમજ લ્હાણી આપવમાં આવી હતી.

આ પુસ્તકમેળો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોને મનભરીને શહેરના સાહિત્ય રસિક અને પર્યાવરણ કલાપ્રેમી પ્રજાજનોએ વધુમાં વધુ લાભ લીધો હતો.

TOP